# ગુજરાતમાં સ્થળાંતર અને શહેરીકરણ : એક વિશ્લેષણાત્મક સંશોધન અભ્યાસ

રશ્મિકા ડાભી
Ph.D. શોધાર્થી,
સમાજકાર્ય અને ગ્રામવિકાસ વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ.
Email:- rashmikadabhi8@gmail.com
ORCID - 0009-0005-4529916X

ડૉ. હિતેશ જાગાણી
આસિસ્ટન્ટ પ્રોફેસર,
સમાજકાર્ય અને ગ્રામવિકાસ વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ.
Email:- hitesh.jagani@gujaratvidyapith.org

**સારાંશ :**

ગુજરાત રાજ્યમાં સ્થળાંતર અને શહેરીકરણની પ્રક્રિયાએ છેલ્લા કેટલાક દાયકાઓમાં રાજ્યના સામાજિક, આર્થિક અને ભૌગોલિક માળખામાં ઊંડા પરિવર્તનો સર્જ્યા છે. ઝડપી ઔદ્યોગિકીકરણ, વેપાર-વાણિજ્યનો વિકાસ, બંદરો, વિશેષ આર્થિક ઝોન (SEZ) અને માળખાકીય સુવિધાઓના વિસ્તરણને કારણે ગુજરાત દેશના સૌથી વધુ શહેરીકૃત રાજ્યોમાં સ્થાન પામ્યું છે. આ લેખનો મુખ્ય હેતુ ગુજરાતમાં સ્થળાંતરના સ્વરૂપો, શહેરીકરણના આંકડાકીય પાસાઓ તથા બંને વચ્ચેના સહસબંધનું વૈજ્ઞાનિક અને વિશ્લેષણાત્મક અધ્યયન કરવાનું છે.

આ લેખમાં વસ્તી ગણતરી 2011, NSSOના અહેવાલો અને ગુજરાત રાજ્યના આંકડાકીય પ્રકાશનો જેવા દ્વિતીયક સ્ત્રોતોનો ઉપયોગ કરવામાં આવ્યો છે. વિશ્લેષણ દર્શાવે છે કે ગ્રામ્ય વિસ્તારોમાંથી શહેરી વિસ્તારો તરફનું સ્થળાંતર શહેરીકરણની ગતિને તેજ આપે છે, જ્યારે શહેરી આર્થિક તકો સ્થળાંતરને આકર્ષે છે. અંતે, આ અભ્યાસ ટકાઉ અને સમાવેશક શહેરી વિકાસ માટે નીતિગત સૂચનો પ્રસ્તુત કરે છે.

## 1. પ્રસ્તાવના :

સ્થળાંતર અને શહેરીકરણ વિકાસશીલ સમાજની બે પરસ્પર સંકળાયેલી પ્રક્રિયાઓ છે. એક તરફ લોકો રોજગાર, શિક્ષણ અને ઉત્તમ જીવનમાનની શોધમાં એક સ્થળેથી બીજા સ્થળે જાય છે, જ્યારે બીજી તરફ શહેરીકરણ આર્થિક વિકાસ, આધુનિકીકરણ અને સામાજિક પરિવર્તનનું પ્રતિબિંબ બને છે. ભારતમાં, ખાસ કરીને ગુજરાત જેવા વિકાસશીલ રાજ્યમાં, આ બંને પ્રક્રિયાઓ ખૂબ જ ઝડપથી આગળ વધી રહી છે. ગુજરાત રાજ્ય તેની ઔદ્યોગિક નીતિઓ, બંદરો, ઉદ્યોગ સમૂહો અને રોકાણકારમૈત્રી વાતાવરણ માટે ઓળખાય છે. પરિણામે રાજ્યમાં માત્ર આંતરિક સ્થળાંતર જ નહીં, પરંતુ અન્ય રાજ્યોમાંથી પણ મોટા પ્રમાણમાં શ્રમિકો ગુજરાત તરફ સ્થળાંતર કરે છે.

વર્તમાન 21મી સદીમાં વૈશ્વિક સ્તરે આર્થિક વિકાસના મુખ્ય પરિબળોમાં શહેરીકરણ અને સ્થળાંતર પાયાના સ્તંભો રહ્યા છે. ભારત જેવા વિકાસશીલ રાષ્ટ્રમાં, ગુજરાત રાજ્ય આ પરિવર્તનનું એક જીવંત ઉદાહરણ પૂરું પાડે છે. પ્રસ્તુત સંશોધન અભ્યાસ 'ગુજરાતમાં સ્થળાંતર અને શહેરીકરણ' ના જટિલ અને ગતિશીલ સંબંધોનું વિશ્લેષણાત્મક અવલોકન કરવાનો પ્રયાસ કરે છે. ઐતિહાસિક દ્રષ્ટિકોણથી જોઈએ તો, ગુજરાત હંમેશા એક સાહસિક વેપારી સમુદાય અને લાંબો દરિયાકિનારો ધરાવતું રાજ્ય રહ્યું છે, જેના કારણે અહીં માનવ વસ્તીની હેરફેર કુદરતી

પ્રક્રિયા રહી છે. જોકે, છેલ્લા કેટલાક દાયકાઓમાં ઉદ્યોગીકરણના વેગને કારણે ગ્રામીણ વિસ્તારોમાંથી શહેરી કેન્દ્રો તરફ થતું સ્થળાંતર માત્ર વસ્તી વિષયક પરિવર્તન નથી, પરંતુ તે એક આર્થિક ક્રાંતિનો સંકેત છે.

સ્થળાંતર એ મૂળભૂત રીતે ગ્રામીણ અર્થતંત્રમાં સર્જાયેલી મર્યાદાઓ અને શહેરી વિસ્તારોમાં રહેલી વિપુલ તકો વચ્ચેનો સેતુ છે. ગુજરાતમાં કૃષિ ક્ષેત્રે આવતા યાંત્રિકીકરણ અને જમીન ધારણ શક્તિમાં થતા ઘટાડાને પરિણામે ગ્રામીણ યુવાધન માટે શહેરો આકર્ષણનું કેન્દ્ર બન્યા છે. અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટ જેવા મહાનગરો આજે માત્ર વહીવટી કેન્દ્રો મટીને આર્થિક એન્જિનમાં પરિવર્તિત થયા છે. આ શહેરોમાં વિકસેલા હીરા ઉદ્યોગ, કાપડ ઉદ્યોગ, કેમિકલ ક્લસ્ટર્સ અને આઈ.ટી. ક્ષેત્રે સ્થળાંતરિત વસ્તીને મોટા પાયે રોજગારી પૂરી પાડી છે. શહેરીકરણની આ પ્રક્રિયામાં 'પુશ' (Push) પરિબળો તરીકે ગ્રામીણ ગરીબી અને 'પુલ' (Pull) પરિબળો તરીકે આધુનિક સુવિધાઓ, શિક્ષણ અને બહેતર જીવનધોરણ નિર્ણાયક ભૂમિકા ભજવે છે.

શહેરીકરણ અને સ્થળાંતર વચ્ચેનો સહસંબંધ અત્યંત ગાઢ છે; શહેરીકરણ એ સ્થળાંતરનું પરિણામ છે અને સાથે-સાથે નવા સ્થળાંતર માટેનું પ્રેરક બળ પણ છે. જ્યારે સ્થળાંતરિત વસ્તી શહેરમાં સ્થાયી થાય છે, ત્યારે તે શહેરના ભૌગોલિક સીમાંકનમાં વધારો કરે છે અને સેવા ક્ષેત્રની માંગ ઉભી કરે છે, જે અંતે શહેરી અર્થતંત્રને મજબૂત બનાવે છે. જોકે, આ ઝડપી પરિવર્તન પોતાની સાથે અનેક પડકારો પણ લાવે છે. અનિયોજિત શહેરીકરણને કારણે આવાસની અછત, ઝૂંપડપટ્ટીઓનો વિકાસ, પર્યાવરણીય પ્રદૂષણ અને જાહેર માળખાગત સુવિધાઓ પર અસહ્ય દબાણ જેવા પ્રશ્નો સંશોધકો અને નીતિ ઘડવૈયાઓ માટે ચિંતાનો વિષય બન્યા છે. પ્રસ્તુત સંશોધન પેપરમાં ગુજરાતના સંદર્ભમાં સ્થળાંતર અને શહેરીકરણ વચ્ચેના સંબંધને સમજવાનો પ્રયાસ કરે છે.

## 2. સાહિત્ય સમીક્ષા :

Kundu અને Pandey (2022), પોતાના લેખમાં શહેરી આયોજનમાં સ્થળાંતર વ્યવસ્થાપનને અનિવાર્ય ઘટક ગણાવે છે. તેઓ દલીલ કરે છે કે જો સ્થળાંતરને શહેરી નીતિમાં સમાવિષ્ટ કરવામાં નહીં આવે તો શહેરી વિકાસ અસમાન અને અસંતુલિત બની રહેશે. લેખમાં રાજ્ય સરકાર દ્વારા અમલમાં મૂકાયેલી સ્માર્ટ સિટી મિશન, ઔદ્યોગિક અને શહેરી આવાસ યોજનાઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, અભ્યાસમાં એ પણ સ્પષ્ટ થાય છે કે સ્થળાંતર શહેરી આર્થિક વિકાસ માટે

આવશ્યક છે, પરંતુ સ્થળાંતરિત લોકોના સામાજિક જીવન, સુરક્ષા અને ગૌરવપૂર્ણ જીવનની ખાતરી થતી નથી. શહેરોમાં સ્થળાંતર કર્યા બાદ પણ તેઓ હાંસિયામાં જ રહે છે અને સામાજિક અસમાનતા યથાવત્ રહે છે. લેખકો સૂચવે છે કે સમાવેશક શહેરી આયોજન, સસ્તું આવાસ અને સામાજિક સુરક્ષા વ્યવસ્થાઓ દ્વારા સ્થળાંતર વ્યવસ્થાપન વધુ અસરકારક બની શકે છે.

Mehta, A. (2020) એ ગુજરાતના શહેરી વિસ્તારોમાં સ્ત્રી સ્થળાંતરના પ્રવાહો, સ્વરૂપો અને પડકારો પર કેન્દ્રિત અભ્યાસ કર્યો છે. આ અભ્યાસનો મુખ્ય ઉદ્દેશ શહેરી ગુજરાતમાં સ્ત્રીઓના સ્થળાંતરના કારણો, રોજગારની પરિસ્થિતિ અને સામાજિક અસરોને સમજવાનો હતો. લેખમાં દર્શાવવામાં આવ્યું છે કે સ્ત્રીઓનું સ્થળાંતર માત્ર લગ્નના કારણે જ નહીં પરંતુ રોજગાર, પરિવારની આર્થિક જવાબદારી અને જીવનની બહેતર તકો માટે પણ વધતું જઈ રહ્યું છે. શહેરી વિસ્તારોમાં સ્થળાંતર કરનાર સ્ત્રીઓ મોટાભાગે અસંગઠિત ક્ષેત્રોમાં રોજગાર મેળવે છે, જેમ કે ઘરગથ્થુ કામ, કપડાં ઉદ્યોગ, હીરા ઉદ્યોગ, ફેક્ટરી કામ અને નાના સેવા ક્ષેત્રો. આ કામોમાં તેમને ઓછો પગાર, લાંબા કામના કલાકો અને કામની અસ્થિરતા જેવી સમસ્યાઓનો સામનો કરવો પડે છે. લેખિકા એ પણ નોંધે છે કે કાર્યસ્થળે લિંગ આધારિત ભેદભાવ, અસુરક્ષા અને શોષણની શક્યતાઓ વધુ હોય છે.

Visaria, P. (2020) તેમના આ કાર્યમાં ગુજરાતમાં થઈ રહેલા ઝડપી શહેરીકરણ અને તેની પાછળ જવાબદાર સ્થળાંતરના પાસાઓનું ઊંડાણપૂર્વક વિશ્લેષણ કરે છે. આ અભ્યાસ મુખ્યત્વે ગુજરાતના ઔદ્યોગિક વિકાસ અને તેની વસ્તીના માળખા પર થતી અસરો પર કેન્દ્રિત છે. જેમાં વસ્તી ગણતરીના અહેવાલો તેમજ NSSO નો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ અભ્યાસમાં જાણવા મળ્યું કે ગુજરાતમાં શહેરીકરણનો દર ભારતના અન્ય રાજ્યોની સરખામણીએ ઘણો ઊંચો છે. ગુજરાત એક શહેરી પ્રભુત્વ ધરાવતું રાજ્ય બની રહ્યું છે, જ્યાં વસ્તીનો મોટો હિસ્સો મહાનગરોમાં કેન્દ્રિત થઈ રહ્યો છે. રાજ્યની અંદર જ એક જિલ્લામાંથી બીજા જિલ્લામાં (ખાસ કરીને સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતથી મધ્ય ગુજરાત તરફ) થતું સ્થળાંતર નોંધપાત્ર છે. અમદાવાદ, સુરત અને વડોદરા જેવા શહેરોમાં ઉદ્યોગો અને સેવા ક્ષેત્રના વિકાસને કારણે રોજગારીની તકો વધતા લોકો આકર્ષાયા છે. સ્થળાંતરને કારણે શહેરોમાં વસ્તીનું ભારણ વધ્યું છે, જેના પરિણામે ઝૂંપડપટ્ટી (Slums) નો વિસ્તાર વધવો અને પીવાનું પાણી, ગટર વ્યવસ્થા અને આવાસની અછત સર્જાઈ છે.

Dutta, R. (2021), દ્વારા લખાયેલ આ સંશોધન પેપર સુરત શહેરના ઝડપી શહેરીકરણ અને તેની આંતરમાળખાકીય સુવિધાઓ પર થતી અસરોનું ઊંડું વિશ્લેષણ કરે છે. જેમાં મિશ્ર પદ્ધતિનો ઉપયોગ કર્યો છે, જેમાં આંતરમાળખાકીય સેવાઓના સંતોષ સ્તરને માપવા માટે સુરતના 400 પરિવારોનો પ્રાથમિક સર્વે કર્યો હતો. જેમાં જાણવા મળ્યું કે સુરતમાં સ્થળાંતરનો દર ખૂબ ઊંચો હોવાને કારણે સસ્તા આવાસ (Affordable Housing) ની મોટી અછત છે, જેને પરિણામે ઝૂંપડપટ્ટીના વિસ્તારોમાં 12% નો વધારો જોવા મળ્યો છે. સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા નોંધપાત્ર કામગીરી છતાં, નવા ભળેલા વિસ્તારો (Peripheral Areas) માં પીવાના પાણીના નેટવર્ક અને ગટર લાઇન પહોંચાડવામાં 20-25 % નો અંતર જોવા મળ્યું છે. માળખાગત સુવિધાઓના જાળવણી માટે મ્યુનિસિપલ કોર્પોરેશન પર વધતું જતું આર્થિક દબાણ એક મોટો પડકાર છે.

Bhagat, (2011), તેમના અભ્યાસમાં ગુજરાતમાં શહેરીકરણ અંગે વાત કરવામાં આવી છે. જેમાં 'સેન્સસ ઓફ ઈન્ડિયા' (2001 અને 2011)નો આધાર લેવામાં આવ્યો હતો. જેમાં જાણવા મળ્યું કે 2001 થી 2011ના દાયકામાં ગુજરાતમાં શહેરીકરણમાં મોટો ઉછાળો આવ્યો છે. ગુજરાતની કુલ વસ્તીના આશરે 42.6% લોકો શહેરોમાં વસવાટ કરતા થયા છે, જે ભારતની સરેરાશ (31.2%) કરતા ઘણી વધારે છે. ઝડપી શહેરીકરણ પાછળ મુખ્ય કારણ 'ઔદ્યોગિકીકરણ' છે. ખાસ કરીને હીરા ઉદ્યોગ, કાપડ ઉદ્યોગ અને કેમિકલ બેલ્ટને કારણે લોકો રોજગારી માટે શહેરો તરફ આકર્ષાયા છે.

## 3. સંશોધનના ઉદ્દેશો

આ અભ્યાસના મુખ્ય ઉદ્દેશો નીચે મુજબ છે:

1. ગુજરાતમાં સ્થળાંતરના સ્વરૂપો અને પ્રવાહોનું વિશ્લેષણ કરવું
2. ગુજરાતમાં શહેરીકરણની વૃદ્ધિ અને તેના આંકડાઓનો અભ્યાસ કરવો
3. સ્થળાંતર અને શહેરીકરણ વચ્ચેના સહસબંધને સમજવું
4. શહેરીકરણથી ઊભી થતી સમસ્યાઓની ચર્ચા કરવી

## 4. સંશોધન પદ્ધતિ :

આ અભ્યાસ દ્વિતીયક આંકડાઓ પર આધારિત છે. તેમાં નીચેના સ્રોતોનો ઉપયોગ કરવામાં આવ્યો છે: જેમાં વસ્તી ગણતરી 2011, NSSOના સ્થળાંતર સંબંધિત અહેવાલો, ગુજરાત સરકારના

આંકડાકીય અહેવાલો અને જર્નલ્સ અને સંશોધન લેખો અને આંકડાઓનું વર્ણનાત્મક અને વિશ્લેષણાત્મક પદ્ધતિથી વિશ્લેષણ કરવામાં આવ્યું છે.

## 5. ગુજરાતમાં સ્થળાંતરના સ્વરૂપ :

ગુજરાત રાજ્યમાં સ્થળાંતર એક મહત્વપૂર્ણ લોકસાંખ્યિક અને સામાજિક પ્રક્રિયા તરીકે વિકસ્યું છે. રાજ્યના આર્થિક વિકાસ, ઉદ્યોગિકરણ અને શહેરીકરણના પરિણામે લોકો રોજગાર, વધુ આવક, શિક્ષણ, આરોગ્ય તથા સારાં જીવન અવસર માટે એક સ્થળેથી બીજા સ્થળે સ્થળાંતર કરે છે. ગુજરાતમાં સ્થળાંતર મુખ્યત્વે ગ્રામ્યથી શહેરી, આંતરજિલ્લા, અને આંતરરાજ્ય સ્વરૂપોમાં જોવા મળે છે. અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટ જેવા ઉદ્યોગિક અને વેપારિક શહેરો સ્થળાંતરિત વસ્તીને આકર્ષતા મુખ્ય કેન્દ્રો છે. ખાસ કરીને ટેક્સટાઇલ, હીરા ઉદ્યોગ, બાંધકામ અને અસંગઠિત ક્ષેત્રોમાં કાર્યરત શ્રમજીવી વર્ગનું પ્રમાણ વધુ છે.

સ્થળાંતરના પ્રવાહો જોવામાં આવે તો તેને ઋતુઆધારિત (Seasonal) અને કાયમી (Permanent) એમ બે મુખ્ય પ્રકારોમાં વહેંચી શકાય છે. દક્ષિણ ગુજરાતના ખાંડ ઉદ્યોગ, બાંધકામ ક્ષેત્ર અને કૃષિ આધારિત પ્રવૃત્તિઓ માટે ઋતુઆધારિત સ્થળાંતર વ્યાપક છે, જેમાં આદિવાસી અને ગ્રામ્ય શ્રમિકોનો સમાવેશ થાય છે. બીજી તરફ, ઉદ્યોગિક શહેરોમાં રોજગાર મેળવવા માટે કાયમી સ્થળાંતર થાય છે, જેના કારણે શહેરી વસ્તીમાં સતત વધારો થાય છે. 2011ની વસ્તી ગણતરી મુજબ ગુજરાતમાં કુલ સ્થળાંતરિત વસ્તીનો નોંધપાત્ર ભાગ ગ્રામ્યથી શહેરી સ્થળાંતરનો છે, જે રાજ્યના શહેરીકરણની ગતિને વધુ ઝડપી બનાવે છે.

આ સ્થળાંતર પ્રવાહો ગુજરાતના સામાજિક અને આર્થિક માળખા પર ઊંડી અસર કરે છે. એક તરફ સ્થળાંતર રાજ્યના ઉદ્યોગોને જરૂરી શ્રમ પૂરો પાડે છે અને આર્થિક વિકાસમાં યોગદાન આપે છે, તો બીજી તરફ શહેરી વિસ્તારોમાં વસતીનો ભાર, રહેણાંકની અછત અને ઝૂંપડપટ્ટીઓ જેવી સમસ્યાઓ ઊભી કરે છે. ઉપરાંત, સ્થળાંતરથી ગ્રામ્ય વિસ્તારોમાં શ્રમની અછત અને સામાજિક પરિવર્તનો પણ જોવા મળે છે. તેથી ગુજરાતમાં સ્થળાંતરના સ્વરૂપો અને પ્રવાહોનું અભ્યાસ કરવું જરૂરી બને છે.

### 5.1. ગુજરાતમાં શહેરીકરણ

શહેરીકરણ એક મહત્વપૂર્ણ અને સામાજિક પ્રક્રિયા છે, જેમાં વસ્તી ધીમે ધીમે ગ્રામ્ય વિસ્તારોમાંથી શહેરી વિસ્તારો તરફ સ્થળાંતર કરે છે અને શહેરોનું કદ, સંખ્યા તથા કાર્યક્ષેત્ર વિસ્તરે છે. ગુજરાત રાજ્યમાં શહેરીકરણની વૃદ્ધિ સ્વાતંત્ર્ય પછી ખાસ કરીને ઉદ્યોગીકરણ, વેપાર

વિકાસ, પરિવહન સુવિધાઓ અને સેવા ક્ષેત્રના વિસ્તરણને કારણે ઝડપી બની છે. વૈજ્ઞાનિક દૃષ્ટિકોણથી શહેરીકરણનો અભ્યાસ વસ્તીગણતરીના આંકડાઓ, વૃદ્ધિ દર, શહેરી–ગ્રામ્ય વસ્તીના અનુપાત અને શહેરોની શ્રેણી (Class I, II towns)ના આધારે કરવામાં આવે છે.

ભારતની વસ્તી ગણતરીના આંકડાઓ મુજબ ગુજરાતમાં શહેરી વસ્તીનો પ્રમાણ સતત વધતુ રહ્યું છે. 1961માં રાજ્યની શહેરી વસ્તી આશરે 31% હતી, જે 2001માં 37.4% અને 2011માં 42.6% સુધી પહોંચી ગઈ. આ દર્શાવે છે કે માત્ર પાંચ દાયકામાં ગુજરાતમાં શહેરીકરણમાં નોંધપાત્ર વધારો થયો છે.

**કોષ્ટક : 1 ગુજરાતમાં શહેરીકરણની સ્થિતિ**

| ક્રમ | વર્ષ | શહેરી વસ્તી (ટકામાં) |
|---|---|---|
| 1. | 1951 | 21.0 |
| 2. | 1961 | 25.7 |
| 3. | 1971 | 28.1 |
| 4. | 1981 | 31.1 |
| 5. | 1991 | 34.5 |
| 6. | 2001 | 37.4 |
| 7. | 2011 | 42.6 |
| 8. | 2021 (Projection) | 43.4 |
| 9. | 2025 (Projection) | 50.0 |

**સ્ત્રોત** : વસ્તી ગણતરીના અહેવાલ

2011ની વસ્તી ગણતરી અનુસાર ગુજરાત ભારતના સૌથી વધુ શહેરીકરણ ધરાવતા રાજ્યોમાંનું એક છે. ખાસ કરીને અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટ જેવા મહાનગરોમાં

શહેરી વસ્તીનું કેન્દ્રીકરણ વધારે છે. સુરત શહેરમાં 2001 થી 2011 દરમિયાન વસ્તી વૃદ્ધિ દર 58% થી વધુ નોંધાયો હતો, જે ઝડપી શહેરી વિકાસનું સ્પષ્ટ ઉદાહરણ છે.

વૈજ્ઞાનિક પદ્ધતિથી જોવામાં આવે તો ગુજરાતમાં શહેરીકરણ માત્ર કુદરતી વસ્તી વૃદ્ધિના કારણે નથી, પરંતુ મુખ્યત્વે ગ્રામ્યથી શહેરી સ્થળાંતર, નગરસીમાનો વિસ્તરણ અને નવા નગરપાલિકા વિસ્તારોના સમાવેશને કારણે થયું છે. ઉદ્યોગિક વિસ્તારો, સ્પેશિયલ ઇકોનોમિક ઝોન (SEZ), બંદરો અને ઔદ્યોગિક ક્લસ્ટરોના વિકાસથી રોજગાર તકોમાં વધારો થયો છે, જેના કારણે લોકો શહેરોમાં સ્થાયી થવા લાગ્યા છે. આ પ્રક્રિયાએ મધ્યમ અને નાના શહેરોને પણ વિકાસની દિશામાં આગળ ધપાવ્યા છે.

શહેરીકરણની આ વૃદ્ધિ રાજ્યના આર્થિક વિકાસ માટે મહત્વપૂર્ણ હોવા છતાં, તે સાથે રહેણાંક, પીવાનું પાણી, ગટરવ્યવસ્થા, પરિવહન અને પર્યાવરણીય દબાણ જેવી સમસ્યાઓ પણ ઊભી કરે છે. તેથી, શહેરીકરણના આંકડાઓનો વૈજ્ઞાનિક અભ્યાસ નીતિ આયોજન, શહેરી વિકાસ યોજના અને ટકાઉ વિકાસ માટે અનિવાર્ય બની રહે છે.

### 5.2. સ્થળાંતર અને શહેરીકરણ વચ્ચેનો સહસબંધ

સ્થળાંતર અને શહેરીકરણ વચ્ચે ગાઢ અને પરસ્પર આધારિત સહસબંધ જોવા મળે છે. સ્થળાંતર એ એવી પ્રક્રિયા છે જેમાં લોકો એક સ્થળેથી બીજા સ્થળે વસવાટ માટે સ્થળ બદલે છે, જ્યારે શહેરીકરણ એ ગ્રામ્ય વિસ્તારોમાંથી શહેરોની તરફ વસ્તીનું કેન્દ્રીકરણ અને શહેરોના વિસ્તારની વૃદ્ધિની પ્રક્રિયા છે. વૈજ્ઞાનિક દૃષ્ટિએ જોવામાં આવે તો ગ્રામ્યથી શહેરી સ્થળાંતર શહેરીકરણનું મુખ્ય ચલક તત્વ છે. ઉદ્યોગિકરણ, રોજગાર તકો, વધુ આવક, શિક્ષણ, આરોગ્ય અને આધુનિક જીવનશૈલી જેવા “Pull Factors” લોકોને શહેરો તરફ આકર્ષે છે, જ્યારે ગ્રામ્ય વિસ્તારોમાં કૃષિ આધારિત આવકની અસ્થિરતા, બેરોજગારી અને મૂળભૂત સુવિધાઓની અછત “Push Factors” તરીકે કાર્ય કરે છે.

ભારત અને ગુજરાતના સંદર્ભમાં, વસ્તી ગણતરીના આંકડાઓ દર્શાવે છે કે શહેરી વસ્તીમાં થયેલા વધારાનો મોટો હિસ્સો સ્થળાંતર દ્વારા થયો છે. વસ્તી ગણતરી 2011 મુજબ ગુજરાતમાં શહેરી વસ્તીનો હિસ્સો 42.6% સુધી પહોંચ્યો છે, જેમાં ગ્રામ્યથી શહેરી સ્થળાંતરનું મહત્વપૂર્ણ યોગદાન છે. અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટ જેવા શહેરોમાં ઉદ્યોગિક અને સેવા ક્ષેત્રના વિકાસને કારણે મોટા પ્રમાણમાં શ્રમિકોનું સ્થળાંતર થયું છે. આ સ્થળાંતર શહેરોની વસ્તી, વિસ્તાર અને આર્થિક પ્રવૃત્તિઓમાં વધારો કરે છે, જે શહેરીકરણની ગતિને વધુ ઝડપી બનાવે છે.

બીજી તરફ, શહેરીકરણ પોતે પણ વધુ સ્થળાંતરને પ્રોત્સાહન આપે છે. વધતા શહેરો વધુ રોજગાર તકો, બજારો અને સેવાઓ ઊભી કરે છે, જેના કારણે નવા સ્થળાંતરિતો શહેરોમાં ખેંચાય છે. આ રીતે સ્થળાંતર અને શહેરીકરણ વચ્ચે "ચક્રાકાર સંબંધ" (Cyclical Relationship) જોવા મળે છે, જેમાં એક પ્રક્રિયા બીજી પ્રક્રિયાને મજબૂત બનાવે છે. પરંતુ જો આ પ્રક્રિયા યોગ્ય આયોજન વગર થાય, તો અનિયોજિત શહેરી વિકાસ, ઝૂંપડપટ્ટીઓ, માળખાકીય સુવિધાઓ પર દબાણ અને પર્યાવરણીય સમસ્યાઓ ઊભી થાય છે.

આથી, સ્થળાંતર અને શહેરીકરણ વચ્ચેના સહસબંધનો વૈજ્ઞાનિક અભ્યાસ નીતિ નિર્માણ, સંતુલિત પ્રાદેશિક વિકાસ અને ટકાઉ શહેરી આયોજન માટે અત્યંત મહત્વપૂર્ણ છે. યોગ્ય શહેરી આયોજન અને ગ્રામ્ય વિકાસ નીતિઓ દ્વારા આ સહસબંધને સકારાત્મક દિશામાં દોરી શકાય છે.

### 5.3. શહેરીકરણથી ઊભી થતી સમસ્યાઓ

શહેરીકરણ એક એવી પ્રક્રિયા છે જેમાં વસ્તી, આર્થિક પ્રવૃત્તિઓ અને સેવાઓનું કેન્દ્રીકરણ શહેરોમાં થાય છે. ભારત અને ખાસ કરીને ગુજરાતમાં શહેરીકરણની ગતિ છેલ્લા કેટલાક દાયકાઓમાં અત્યંત ઝડપી બની છે. વસ્તી ગણતરી 2011 મુજબ ગુજરાતની શહેરી વસ્તી કુલ વસ્તીના 42.6% જેટલી છે, જે રાષ્ટ્રીય સરેરાશ (31.2%) કરતાં ઘણી વધુ છે. આ ઝડપી શહેરી વૃદ્ધિએ રાજ્યના આર્થિક વિકાસમાં યોગદાન આપ્યું છે, પરંતુ સાથે અનેક ગંભીર સામાજિક, આર્થિક અને પર્યાવરણીય સમસ્યાઓ પણ ઊભી કરી છે. આ સમસ્યાઓને સમજવા માટે સરકારી આંકડાઓ આધારિત વૈજ્ઞાનિક વિશ્લેષણ અત્યંત જરૂરી બને છે.

1. **રહેણાંક અને ઝૂંપડપટ્ટીની સમસ્યા**

શહેરીકરણના ઝડપી ગતિશીલ પ્રક્રીયાએ ભારતમાં, અને ખાસ કરીને ગુજરાતમાં, રહેણાંકની સમસ્યાને ગંભીર સ્વરૂપ આપી દીધું છે. શહેરી વિસ્તારોમાં વસ્તી વધી જતી હોય છે, ત્યારે ઉપલબ્ધ રહેણાંક સંરચનાઓ અને ઇન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસનું દર સામે રહેતું નથી વસ્તી ગણતરી 2011 અનુસાર ગુજરાતની કુલ વસ્તીનું આશરે 42.6% શહેરી વિસ્તારોમાં વસતું હતું, જેમાં મોટો હિસ્સો અનિયોજિત વસાહતો અને ઝૂંપડપટ્ટીમાં રહેતો હતો. શહેરોની ઝડપી વસ્તી વૃદ્ધિ, ગ્રામીણ સ્થળાંતર અને ઉદ્યોગિક કેન્દ્રોના વિસ્તરણના કારણે આ સમસ્યા સતત ઊભી રહી છે.

ઝડપી અને આયોજનવિહોણા શહેરીકરણનું સૌથી મોટું પરિણામ રહેણાંકની અછત અને ઝૂંપડપટ્ટીઓનો વધારો છે. વસ્તી ગણતરી 2011 ભારતની શહેરી વસ્તીના આશરે

17.4% લોકો ઝૂંપડપટ્ટીમાં રહે છે. ગુજરાતના મોટા શહેરો જેમ કે અમદાવાદ, સુરત અને વડોદરામાં ઝૂંપડપટ્ટીની વસતી નોંધપાત્ર છે. Ministry of Housing and Urban Affairs (MoHUA) ના આંકડાઓ દર્શાવે છે કે ઝડપી સ્થળાંતર સામે શહેરી રહેણાંકની પૂર્તિ અપૂરી હોવાથી ગરીબ વર્ગ અનિયોજિત વસાહતોમાં રહેવા મજબૂર બને છે. આથી સ્વચ્છતા, આરોગ્ય અને સુરક્ષા સંબંધિત સમસ્યાઓ ગંભીર બને છે. અન્ય સરકારી આંકડા દર્શાવે છે કે આવી ઝૂંપડપટ્ટી વસાહતોમાં રહેતા બાળકોમાં શૈક્ષણિક સુવિધાઓ અને આરોગ્ય સેવાઓની પહોંચ ઓછા પ્રમાણમાં થાય છે. District-wise Slum Census, 2011 મુજબ, અમદાવાદ અને સુરત શહેરોમાં લગભગ 400,000 થી વધુ લોકો ઝૂંપડપટ્ટી વિસ્તારોમાં રહે છે, અને આ વસ્તી મુખ્યત્વે સામાજિક રીતે વધુ પૃષ્ટિબળ ધરાવતા વર્ગો સુધી મર્યાદિત સેવાઓની ઉપલબ્ધિ ધરાવે છે.

2. **પીવાનું પાણી, સ્વચ્છતા અને ગટરવ્યવસ્થા**

શહેરીકરણથી પાણી પુરવઠા અને સ્વચ્છતા પર ભારે દબાણ પડે છે. Central Public Health and Environmental Engineering Organisation (CPHEEO)ના અહેવાલ મુજબ, ઘણા ભારતીય શહેરોમાં પ્રતિ વ્યક્તિ ઉપલબ્ધ પાણી WHO ના ધોરણ કરતાં ઓછું છે. ગુજરાતના કેટલાક શહેરી વિસ્તારોમાં નિયમિત પાણી પુરવઠો ઉપલબ્ધ નથી, જેના કારણે અસમાનતા અને સામાજિક તણાવ ઊભો થાય છે. Swachh Bharat Mission (Urban)ના આંકડાઓ મુજબ, કે શૌચાલયોની ઉપલબ્ધિમાં સુધારો થયો છે, પરંતુ ગટરવ્યવસ્થા અને ગંદા પાણીના શુદ્ધિકરણમાં હજુ પણ મોટો અભાવ છે.

3. **રોજગાર, શહેરી ગરીબી અને અસંગઠિત ક્ષેત્ર**

સ્થળાંતર, ખાસ કરીને ગ્રામ્યથી શહેરી વિસ્તાર તરફની ગતિ, શહેરોમાં વસ્તી વધારવાનું મુખ્ય તત્વ છે. ગુજરાત અને સમગ્ર ભારતના મોટા શહેરોમાં રોજગાર તકો માટે લોકોનું સ્થળાંતર નોંધાયું છે. વસ્તી ગણતરી 2011, મુજબ, મુખ્ય શહેરી વિસ્તારોમાં વસ્તીની નોંધપાત્ર વૃદ્ધિ જોવા મળે છે, જેમાં મોટાભાગના સ્થળાંતરિત લોકો શ્રમિક વર્ગના છે. તે જ સમયે, એ શ્રમિકોનો મોટો ભાગ અસંગઠિત ક્ષેત્રમાં કામ કરે છે, જેના કારણે તેમને આરોગ્ય, સામાજિક સુરક્ષા અને સ્થિર આવક જેવી મૂળભૂત સુવિધાઓ મળી શકતી નથી.

શહેરીકરણ રોજગારની તકો ઊભી કરે છે, પરંતુ સરકારી આંકડાઓ દર્શાવે છે કે મોટાભાગનો રોજગાર અસંગઠિત ક્ષેત્રમાં છે. Periodic Labour Force Survey (PLFS), 2019–20 મુજબ શહેરી રોજગારમાં આશરે 65% કામદારો અસંગઠિત ક્ષેત્રમાં કાર્યરત છે. આ કામદારોને સામાજિક સુરક્ષા, આરોગ્ય લાભો અને નોકરીની સ્થિરતા મળતી નથી. સ્થળાંતરિત લોકો માટે, આ અસંગઠિત રોજગારી થોડી આવક આપે છે, પરંતુ શહેરમાં જીવન ખર્ચ વધારે હોવાને કારણે તેમની સામાજિક સ્થિતિ સ્થિર નથી રહીતી. PLFS 2019–20 મુજબ, શહેરી ગરીબી દર લગભગ 14% –16% નોંધાયો છે, અને આ વસ્તીનો મોટો ભાગ અસંગઠિત ક્ષેત્રમાં કાર્યરત શ્રમિકો અને તેમના પરિવારોથી બનેલો છે. આથી, સ્થળાંતર શહેરી ગરીબીને સીધું પ્રભાવિત કરે છે. NITI Aayog ના અહેવાલ અનુસાર શહેરી ગરીબીનો સ્વરૂપ ગ્રામ્ય ગરીબી કરતાં વધુ જટિલ છે, કારણ કે શહેરોમાં જીવન ખર્ચ વધુ હોય છે. આ પરિસ્થિતિ આવક અસમાનતા અને સામાજિક બહિષ્કારને વધારતી જાય છે.

4. **પર્યાવરણીય સમસ્યાઓ**

શહેરીકરણથી પર્યાવરણીય અસંતુલન ઊભું થાય છે. Central Pollution Control Board (CPCB) ના આંકડાઓ મુજબ અમદાવાદ અને સુરત જેવા શહેરોમાં હવા પ્રદૂષણનું સ્તર ઘણીવાર માન્ય મર્યાદાથી વધારે નોંધાય છે. ઘન કચરાની વ્યવસ્થાપન પણ એક મોટી સમસ્યા છે. MOHUA ના અહેવાલ મુજબ, શહેરી સ્થાનિક સ્વરાજ સંસ્થાઓ દ્વારા ઉત્પન્ન થતા કુલ ઘન કચરાનો સંપૂર્ણ વૈજ્ઞાનિક રીતે નિકાલ થતો નથી. આ પરિસ્થિતિ શહેરી આરોગ્ય અને જીવન ગુણવત્તા પર નકારાત્મક અસર કરે છે.

## 6. નીતિગત સૂચનો :

- માત્ર અમદાવાદ, સુરત કે વડોદરા જેવા મેગા-સિટી પર વસ્તીનું ભારણ વધતું અટકાવવા માટે તેની આસપાસના નાના નગરોને 'સેટેલાઇટ ટાઉન' તરીકે વિકસાવવા જોઈએ. ત્યાં પણ રોજગારી અને માળખાગત સુવિધાઓ ઉભી કરવી જોઈએ જેથી મહાનગરો પરનું દબાણ ઘટે.
- સ્થળાંતરિત શ્રમિકો જ્યારે એક રાજ્ય કે જિલ્લામાંથી બીજા વિસ્તારમાં જાય ત્યારે તેમના રેશન કાર્ડ, સ્વાસ્થ્ય વીમો (આયુષ્માન કાર્ડ) અને અન્ય સરકારી યોજનાઓનો

લાભ અટકે નહીં તેવી ડિજિટલ વ્યવસ્થા (દા.ત. One Nation, One Ration Card) ને વધુ ચુસ્ત બનાવવી જોઈએ.

- ઘણા શ્રમિકો કાયમી ઘર ખરીદી શકતા નથી. તેથી, ઉદ્યોગોની નજીક સરકાર અથવા PPP (Public-Private Partnership) મોડલ પર 'રેન્ટલ હાઉસિંગ' (ભાડાના મકાનો) બનાવવાની નીતિ અમલમાં મૂકવી જોઈએ જેથી ઝૂંપડપટ્ટીઓનું પ્રમાણ ઘટે. માત્ર ઝૂંપડપટ્ટી હટાવવાને બદલે ત્યાં જ 'ઇન-સિટુ' (In-situ) પુનઃવસવાટની નીતિ અપનાવવી જોઈએ, જેમાં તેમને પાકા મકાનો સાથે પ્રાથમિક સુવિધાઓ મળી રહે.
- શહેરોમાં 'વર્કિંગ વુમન હોસ્ટેલ', રાત્રિ સુરક્ષા અને જાહેર પરિવહનમાં સ્ત્રીઓની સલામતી માટે વિશેષ નીતિઓ ઘડવી જોઈએ.
- સ્થળાંતરના પ્રવાહોને સમજવા માટે 'રિયલ-ટાઇમ માઇગ્રેશન ટ્રેકિંગ સિસ્ટમ' વિકસાવવી જોઈએ. જેના આધારે જે-તે વિસ્તારમાં પાણી, ગટર અને શિક્ષણની સુવિધાઓ વસ્તી વધે તે પહેલાં જ આયોજિત કરી શકાય.
- સ્થળાંતરિત યુવાનો મોટેભાગે અકુશળ શ્રમિક તરીકે જોડાય છે. શહેરી વિસ્તારોમાં ટૂંકા ગાળાના વોકેશનલ ટ્રેનિંગ સેન્ટરો શરૂ કરવા જોઈએ જેથી તેઓ અસંગઠિત ક્ષેત્રમાંથી સંગઠિત અને વધુ વેતન ધરાવતી નોકરીઓ મેળવી શકે.

## 7. ઉપસંહાર :

સ્થળાંતર અને શહેરીકરણ ગુજરાતના સામાજિક-આર્થિક વિકાસની પરસ્પર સંકળાયેલી અને ગાઢ પ્રક્રિયાઓ છે, જે રાજ્યના ઉદ્યોગીકરણ, વેપાર વિકાસ અને નગર વિસ્તરણ દ્વારા તેજીથી આગળ વધી રહી છે. ગ્રામ્યથી શહેરી સ્થળાંતર શહેરોમાં વસ્તીનું કેન્દ્રીકરણ, રોજગારી તકો, આધુનિક જીવનશૈલી અને સેવાનો વિસ્તરણ લાવે છે, જે શહેરોના આર્થિક પ્રવૃત્તિઓ અને વસ્તી વિકાસ માટે મહત્વપૂર્ણ છે. 2011ની વસ્તી ગણતરી મુજબ, રાજ્યની શહેરી વસ્તી 42.6% હતી અને અનુમાન મુજબ 2025 સુધી 50% સુધી પહોંચી શકે છે, જે શહેરીકરણની ઝડપ અને સ્થળાંતરના યોગદાનને દર્શાવે છે. જોકે, આ ઝડપી શહેરી વૃદ્ધિ સાથે રહેણાંકની અછત, ઝૂંપડપટ્ટીઓ, પાણી પુરવઠો, સ્વચ્છતા, અસંગઠિત રોજગાર, શહેરી ગરીબી અને પર્યાવરણીય અસંતુલન જેવી ગંભીર સમસ્યાઓ ઊભી થઈ છે. તેથી, શહેરોમાં ટકાઉ વિકાસ, યોગ્ય નીતિ અને આયોજન દ્વારા સ્થળાંતર અને શહેરીકરણ વચ્ચેના સકારાત્મક સંબંધને જાળવવું અતિ આવશ્યક છે, જેથી રાજ્યના આર્થિક અને સામાજિક લાભો સંતુલિત અને સમાનતા ભરપૂર રીતે વ્યાપી શકે.

## સંદર્ભસૂચિ


1. Central Pollution Control Board (CPCB), Government of India. (n.d.). *Air quality reports*.
2. Census of India. (2011a). *Migration tables*. Registrar General of India.
3. Census of India. (2011b). *Primary census abstract*. Registrar General of India.
4. Desai, A. R., & Patel, S. (2010). *Migration and urban development in Gujarat*. Rawat Publications.
5. Government of Gujarat. (2020a). *Statistical abstract of Gujarat*. Directorate of Economics and Statistics.
6. Government of Gujarat. (2020b). *Statistical abstract of Gujarat*. Directorate of Economics and Statistics.
7. Kundu, A. (2006). *Urbanization and migration: An analysis of trend, pattern and policies in Asia*. United Nations Development Programme (UNDP).
8. Ministry of Housing and Urban Affairs (MoHUA), Government of India. (n.d.). *Urban development reports*.
9. NITI Aayog. (2018). *Strategy for New India @75*. Government of India.
10. Periodic Labour Force Survey (PLFS), 2019–20. (2020). Ministry of Statistics and Programme Implementation, Government of India.
11. Ramachandran, R. (2012). *Urbanization and urban systems in India*. Oxford University Press.
12. Todaro, M. P. (1997). *Economic development* (7th ed.). Pearson Education.
13. UN-Habitat. (2013). *State of the world's cities report 2012/2013: Prosperity of cities*. United Nations Human Settlements Programme.
14. Kundu, A., & Pandey, S. (2022). Urban Planning and Migration Management in Gujarat. International Journal of Urban Studies
15. Visaria, P. (2020). Migration and Urbanization in Gujarat: Patterns and Trends. Ahmedabad: Gujarat Institute of Development Research.
16. Bhagat, R. B. (2011). *Emerging Pattern of Urbanization in Gujarat: A Quantum Leap*. Economic and Political Weekly, 46(23), 15-18.